આરબીઆઇ / 2006-2007 / 280
ડીબીઓ. નં.એલઇજી. બીસી. 65/09.07.005/2006-07

માર્ચ 6, 2007

બધી શીડ્યુલ્ડ કમર્શીયલ બેંકો
ઓલ ઇન્ડિયા ફાયનાન્શીયલ ઇન્સ્ટીટયૂશન્સ
(આરબીઆઇ સિવાયની)

માનનીય સાહેબ,

ફેવર પ્રેકટીસીસ કોડ ફોર લેન્ડર્સ પરની માર્ગરેખાઓ

અમારા સરકયુલર ડીબીઓડી.એલઇજી. નં.બીસી. 104/09.07.007/2002-03 તા. મે 5, 2003 નાં ફેર પ્રેકટીસીઝ કોડ ફોર લેન્ડર્સ રચવા માટે બેંકો / એફઆઈને માર્ગરેખાઓ અપાઇ હતી.તેને ચકાસો.

2. ઉપરના સરકયુલરના ફકરા (2)(1)(એ) પ્રમાણે બેંકો એસઆઇને સલાહ અપાયેલી છે કે રા. 200 લાખ સુધીના પ્રાયોરીટી સેકટર એડવાન્સીઝના બારામાં લોન એપ્લીકેશન ફોર્મસ સમજી શકાય તેવા હોવા જોઇએ અને તેમાં જો કોઇ ફીઝ / ચાર્જીસ હોય તો તેની માહિતી, પ્રોસેસીંગ માટે ચૂકવવા પાત્ર, એપ્લીકેશનના નોન-એકસેપ્ટન્સના કેસમાં રીફન્ડેબલ, પ્રી-પેમેન્ટ ઓપ્શન્સ અને કોઇપણ અન્ય બાબત જે બોરેઅરના હિતને અસર કરેતેનો સમાવેશ થતો હોવો જોઇએ. જેથી કરીને અન્ય બેંકો સાથેની અર્થપૂર્ણ સરખામણી થઇ શકે અને બોરઅર માહિતગાર નિર્ણય લઇ શકે.

3. ઉચ્ચતર પારદર્શકતા મેળવવા અને મેળવેલ અનુભવના પ્રકાશમાં એવું નક્કી થયું છે કે, બોરોઅર દ્વારા માંગેલ લેનની રકમને ગણતરીમાં ન લેતાં બધી લોનની કેટેગરીની બાબતે બધી લોન એપ્લીકેશનોને ઉપરની સૂચનાઓ લાગુ પડશે. બેંકો / એફઆઇને તેમના બોર્ડની મંજૂરી સાથે આ બાબતે પારદર્શક નીતિ ઘડવાની સલાહ અપાય છે.

4. વધુમાં મે 5, 2003 ના ઉપરના સરકયુલરના ફકરા (1)(બી) પ્રમાણે બેંકો / એફઆઇને સલાહ અપાય છે કે નાના બોરોઅરના કેસમાં જેઓ રૂ. 2 લાખ સુધીની લોન મેળવવા ઇચ્છતા હોય ત્યાં લેન્ડર્સે લેખિત નિર્ધારીત સમયનાં બેંક / એફઆઇના અભિપ્રાય મુજબ કારણ / કારણોથી લોન એપ્લીકેશન રીજેકટ થઇ હોય તો કારણ / કારણો આપવા પડે.

5. રીવ્યુ બાદ એવું નક્કી થયું છે કે ક્રેડીટ કાર્ડ એપ્લીકેશન્સ સહિત કોઇ થ્રેશોલ્ડ લીમીટને ગણનામાં ન લેતા બધી લોનની કેટેગરીઓના કેસમાં બેંકો / એફઆઇએ લેખિતમાં બેંક / એફ આઇના મત મુજબ જેને કારણે લોન એપ્લીકેશનનું રીજેકશન થયું છે તે કારણ / કારણો આપવા પડે.

6. બોર્ડની મંજૂરી સાથે ઉપરની સૂચનાઓ આધારિત ફેર પ્રેકટીસીઝ કોડમાં જરૂરી સુધારા એપ્રિલ 30, 2007 સુધીમાં થઇ જવા જઇએ. સુધારેલ ફેર પ્રેકટીસીઝ કોડ બેંકના / એફઆઇની વેબસાઇટ પર મૂકાવી જોઇએઅને તેનો બહોળો પ્રચાર થવો જોઇએ.

આપનો વિશ્વાસુ,

(પ્રશાંત સરાન)
ચીફ જનરલ મેનેજર ઇન-ચાર્જ